**સુવિચાર : જ્ઞાનને ગર્વ હોય છે કે હું કેટલું બધું જાણું છું, પરંતુ ડહાપણ વિનમ્ર હોય છે કે હજી ઘણું જાણવાનું બાકી છે - જ્ઞાનસૂત્ર**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૬ | ૧૬ એપ્રિલ, ૨૦૧૫, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**પેટ્રોલ-ડિઝલના ભાવમાં પુનઃ ઘટાડો**

Page-6



# ગિફ્ટ સીટી દેશનું પ્રથમ સ્માર્ટ સીટી બનશે

## વિધિવત્ જાહેરાત માટે તંત્ર આશાવાદી : ૭૦૦ એકરથી વધુ વિસ્તારમાં પથરાયેલું આ શહેર અત્યંત આધુનિક સુવિધા સભર બનશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક વિકસાવવામાં આવી રહેલ ગિફ્ટસીટી દેશનું પ્રથમ સ્માર્ટ સીટી બનશે. ૨૦૨૨ સુધીમાં ૧૦૦ સ્માર્ટસીટી નિર્માણના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આપેલા કોલને ધ્યાને રાખી ગિફ્ટસીટીને પ્રથમ સ્માર્ટસીટીને દરજ્જો આપવાનો નિર્ણય લેવાઈ ચુક્યો છે.

૭૦૦ એકરથી પણ વધુ વિસ્તારમાં પથરાયેલ ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સીયલ ટેક સીટીને આ દરજ્જો આપવા માટેની કવાયત લગભગ પૂર્ણ થઈ ગઈ હોવાનું શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ સ્વીકાર્યું છે.

સાબરમતી નદીના કિનારે ગાંધીનગરથી નજીક વિકસાવવામાં આવી રહેલ આ ગિફ્ટ સીટીમાં હાલ બે ટાવરો કાર્યરત કરવામાં આવ્યા છે.

આ સિટીમાં ગટર-પાણી અને કચરાના નિકાલ માટેની ઓટોમેટીક સિસ્ટમ પણ ડેવલપ કરવામાં આવી રહી છે. અહિ વસાહતીઓ માટે ખાસ શોપીંગ સેન્ટર, બાળકો માટે અલાયદી શિક્ષણ વ્યવસ્થા તેમજ હોસ્પિટલ પણ ૨૦૦ બેડની બનાવવામાં આવનાર છે.

દેશમાં સુઆયોજિત રીતે ચંદીગઢ અને ગાંધીનગર શહેર વિકસાવવામાં આવ્યા હતા પરંતુ તેને સ્માર્ટ સીટી બનાવવાને બદલે સરકારે અત્યંત આધુનિક ટેકનોલોજીના ભરપુર ઉપીયોગ સાથે વિશિષ્ટ સુવિધાઓ સાથે વિકાસ પામી રહેલ આ ગિફ્ટ સીટીને દેશના પ્રથમ સ્માર્ટસીટીનો દરજ્જો આપવાનું લગભગ નક્કી કરી લીધુ છે.

તાજેતરમાંજ કેન્દ્ર સરકારે ગિફ્ટ એલઈઝેડ ખાતે દેશના પોતાના ઈન્ટરનેશનલ ફાયનાન્સીયલ સર્વિસીસ સેન્ટરની સ્થાપનાનો નિર્ણય કરી તેના નિયમનના ધારાધોરણ જાહેર કરવાનો નિર્ણય એ પણ સ્માર્ટ સીટી તરીકેના દરજ્જાની દિશામાં મહત્વનું કદમ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગુજરાત સરકાર આ સિટીને વિકસાવવા માટે છેલ્લા પાંચ વર્ષમાં નવસો કરોડથી પણ વધુ રકમનો ખર્ચ કરી ચુકી છે. અહિ ઉભા કરાયેલા બન્ને ટાવરોમાં સારી એવી જગ્યાનું વેચાણ થઈ ચુક્યુ છે અને આગામી દિવસોમાં વધુ ટાવરોનું નિર્માણ હાથ ધરવામાં આવનાર છે.

આ સીટીના નિર્માણ થકી પાંચ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થશે તેવા અંદાજો સરકારે રાખ્યા છે.

દેશમાં સ્માર્ટસીટીની પોલીસીને આખરી ઓપ આપતાં પહેલાં રાજ્યો પાસેથી સૂચનો ડ્રાફ્ટ પોલીસી મોકલી માંગવામાં આવ્યા હતા તેમાં ગુજરાત સરકારે પણ ગિફ્ટ સીટીને સ્માર્ટ સીટીનો દરજ્જો આપવો જોઈએ તેવી રજુઆત કરી અને પાવર પોઈંટ પ્રેઝેન્ટેશન પણ ભારત સરકાર સમક્ષ રજુ કર્યુ હતુ તે ઉલ્લેખનીય છે.

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક મૂલ્યાંકન આરંભાયુ

## ૧.૩૦ લાખથી વધુ બાળકોનું હાથ ધરાયેલું મૂલ્યાંકન : ધોરણ-૧૦ અને ૨ નું મૌખિક તો ધોરણ-૩ થી ૮ નું લેખિત મૂલ્યાંકન શરૂ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાની ૬૦૦ સરકારી પ્રાથમિક શાળામાં આજથી વાર્ષિક મૂલ્યાંકન અંગેની કામગીરીનો આરંભ થયો છે. એક લાખથી પણ વધુ બાળકોનું આ મૂલ્યાંકન થઈ રહેલ છે.

આ મૂલ્યાંકનમાં ધોરણ- ૧ અને ૨ ના બાળકોનું મૌખિક મૂલ્યાંકન તથા ધોરણ- ૩ થી ૮ના બાળકોનું લેખિત મૂલ્યાંકન શરૂ થયું છે. અત્યંત શાંત વાતાવરણમાં આ મૂલ્યાંકન કામગીરીનો આરંભ થયાનું જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નટવરસિંહ રાઠોડ અને નાયબ પ્રા.શિ.અ. શ્રી સંજયભાઈએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૨૦૦ થી પણ વધુ પ્રજ્ઞા વર્ગો ચાલી રહ્યા છે. તેનું મૂલ્યાંકન

● અનુસંધાન પાન-૭ પર




પક્ષી સભા - ગાંધીનગરમાં વિધાનસભા, જાહેર સભા, સાહિત્ય સભા અને સભાઓ તો સૌએ માણી છે... પરંતુ આ પક્ષી સભા માણવાની અનોખી મજા છે... ગગનમાં સતત વિહરતા પક્ષીઓ સાંજ પડે એટલે વૃક્ષની ડાળીઓ પર કે વિજળીના થાંભલા પર બેસી પોતાનો થાક ઉતારે છે... પોત-પોતાની ભાષા અને લયમાં અનુભૂતિ પરસ્પર વહેંચે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આવતીકાલે જિલ્લા પંચાયતના સદસ્યોની ઔપચારિક બેઠક

## વિસ્તાર વિકાસની ગ્રાન્ટના ઉપયોગને લઈ આ બેઠકમાં ચર્ચા-વિચારણા કરાશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી શુક્રવારે જિલ્લા પંચાયતના ચુંટાયેલા તમામ સભ્યોની એક ઔપચારિક બેઠક પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે બોલાવી છે.

બપોરે ૧૨ વાગ્યાના સુમારે શરૂ થનાર આ બેઠકમાં વિસ્તાર વિકાસ માટેની સભ્યોને ફાળવવામાં આવેલી ગ્રાન્ટના વપરાશને લઈ મહત્વની ચર્ચાઓ થનાર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શિક્ષણના સાર્વત્રિકરણને વધુ વેગીલુ બનાવવા માટે સભ્યોને તેમના વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓની ખૂટતી કડીઓ જોડી તે માટે નાણાંની ફાળવણી કરવા વિશે જણાવવામાં આવશે.

આ ઉપરાંત વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાંથી રોડ-રસ્તાના કામોને બદલે આંતર માળખાકીય સુવિધાઓ માટે ફાળવવામાં આવે તેવો પણ આગ્રહ કરાશે. શાળા સંકુલોમાં સૌર ઊર્જાનો ઉપીયોગ વધુ થાય તેના પર પણ ભાર મુકવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા જિલ્લાના સદસ્યોને રૂ. ૭ લાખની ગ્રાન્ટ વિસ્તાર વિકાસ માટે ફાળવવામાં આવે છે. સભ્યો દ્વારા વારંવાર આ વિસ્તાર વિકાસના કામોમાં થતા હેતુફેરને લઈ વહીવટીય પ્રક્રિયા પણ લાંબી થતી હોઈ તે વિલંબ નિવારવા સ્પષ્ટ માર્ગદર્શન પણ આ બેઠકમાં આપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# ગુજરાતી ફિલ્મોના નિર્માતા ગોવિંદભાઈ પટેલનું અવસાન

અમદાવાદ, તા. ૧૫

ગુજરાતી ફિલ્મ જગતને નવી ઉંચાઈ ઉપર લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર અને અનેક યાદગાર ફિલ્મો બનાવનાર ગોવિંદભાઈ પટેલનું અવસાન થયું છે. તેઓ ઘણા સમયથી બિમાર હતા અને કેન્સરથી ગ્રસ્ત હતા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતી ચલચિત્રોના સુપ્રસિદ્ધ નિર્માતા ગોવિંદાભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી સદ્ગતને શ્રદ્ધાંજલી પાઠવી છે.

મુખ્યમંત્રીએ ગુજરાતી ચલચિત્ર જગતમાં અનેક ખ્યાતનામ ફિલ્મો આપવાનું શ્રેય ગોવિંદભાઈને ફાળે જાય છે તેમ જણાવતા શોકસંદેશમાં ઉમેર્યુ છે કે સદગતના નિધનથી ગુજરાતી ચલચિત્ર જગતને મોટી ખોટ પડી છે.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

શુભેચ્છા અભિનંદન શુભકામના



**શ્રી અમિતભાઈ શાહ**
પ્રમુખશ્રી
ગુજરાત ક્રિકેટ એસોસીએશન



**શ્રી મહેલુભાઈ પટેલ**
પ્રમુખ
ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશન
જોઈન્ટ સેક્રેટરી
ગુજરાત ક્રિકેટ એસોસીએશન

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખશ્રી અમિતભાઈ શાહ સાહેબની સૂચનાથી ગાંધીનગરના ભૂતપૂર્વ ક્રિકેટર, ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ અને ગુજરાત ક્રિકેટ એસોસીએશનના જોઈન્ટ સેક્રેટરી શ્રીમાન મેહુલભાઈ પટેલની ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની ન્યૂ એરિયા ડેવલપમેન્ટ કમિટીમાં પસંદગી થતાં ક્રિકેટ પ્રેમી સર્વે આનંદ સાથે ગર્વની લાગણી અનુભવે છે.

આપની ક્રિકેટની રમત પ્રત્યેની આવી સૂઝબૂઝથી આપના કાર્ય દ્વારા નામના, યશ, કીર્તિમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી અભિલાષા સહ....

**અભિલાષીઓ**

શ્રી કેતન ભાવસાર (ઉપપ્રમુખ, સિલેક્ટર)
શ્રી બ્રિજેશ દવે (સિલેક્ટર)
શ્રી કાર્તિક પરમાર (સિલેક્ટર)
શ્રી ઉલ્લાસ વોરા (સિલેક્ટર)
શ્રી સુહાસ મેકવાન (સિલેક્ટર)
શ્રી વત્સલ વોરા (અમ્પાયર)
શ્રી દત્તાત્રય ડી. મોઝર (અમ્પાયર)
શ્રી અમિત બુચ (ચીફ કોચ)
શ્રી સમીર સુશીલ (ચીફ કોચ)
શ્રી રાજન જોષી (ચીફ કોચ)
શ્રી અલ્પેશ પરમાર (કોચ)
શ્રી કેતન ભટ્ટ (જોઈન્ટ સેક્રેટરી)
શ્રી દ્વિજય શર્મા (અમ્પાયર)
શ્રી મનોહરસિંહ ઝાલા (અમ્પાયર)

Owned fleet of 3546 vehicles & 455 buses*

Goods transportation network across 28 States and 4 Union Territories

Passenger bus routes across 8 States



**When you are driven by a passion for leadership, driving into the record books as India's largest private sector fleet owner# is simple.**

The story of VRL Logistics is a story of enterprise and growth that began in1976.

It is a story of growth, progress and development of a simple transport service into one of the country's leading surface logistics and parcel delivery service provider. It is a story of dedication that strives for excellence in transportation, be it cargo or people.

It is a story of leadership, management and teamwork in a highly competitive environment.

Above all, it is a story of opportunities offered by a resurgent and dynamic economy. And the story continues.

- India Logistics Voice of Customer Award by Frost and Sullivan in 2014 for Achieving Excellence in Logistics.
- India says Yes Award to AC bus journey with VRL Travels in 2014 from HolidayIQ.com.
- Service Provider of the Year (Luxury Coaches) in 2013 from World Travel Brands.
- National record in 2013 as largest fleet of vehicles in the private sector as of May 31, 2012, from the Limca Book of World Records.
- Certificate of Excellence in recognition of exemplary growth at the India Inc 500 Awards in 2011.
- Apollo Fleet of the Year Award in 2011 for leadership in operations – large fleet operator.
- New Era Award for Technology, Innovation and Quality by Otherways Management Association, France, in 2010.
- Technology Best Practices Adopter Award at Apollo – CV Awards, 2010.

VRL LOGISTICS LIMITED

www.vrlgroup.com

* Including 53 staff buses
# Source: Limca Book of Records, 2013, data as of May 2012



General Parcel | Priority Parcel | Passenger Bus Services | Courier Services

VRL LOGISTICS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the RHP with RoC. The RHP is available on the websites of SEBI, BSE, NSE and GCBRLMs at www.icicisecurities.com and www.hsbc.co.in/1/2/corporate/ equitiesglobalinvestment-banking. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see the RHP, including, the section titled "Risk Factors" beginning on page 16 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decisions. This publication is not being made in and may not be distributed or sent into the United States, Canada, Australia or Japan. This announcement is not an offer for sale of securities in the United States. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") and may not be offered or sold within the United States (as defined in Regulation S of the U.S. Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. There will not and is not currently intended to be any public offering of securities in the United States. Accordingly, the Equity Shares are only being offered and sold outside the United States in offshore transactions in reliance on Regulation S of the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where these offer and sales occur.

Adfactors 9